# ડીસામાં ઠંડીનો ચમકારો : એક જ દિવસમાં પારો ૬ ડીગ્રી ગગડયો

ડીસા, તા. ૩૦

ડીસામાં પંથકમાં છેલ્લા બે દિવસથી ઠંડીનો ચમકારો શરૂ થતાં લોકોને ઠંડીથી બચવા માટે ગરમ કપડાનો સહારો લેવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા બે દિવસથી ઠંડીના ચમકારાએ લોકોને ધુજાવ્યા છે.



ડીસા પંથકમાં છેલ્લા બે દિવસથી રાત્રીના સુમારે ઠંડીનો ચમકારો શરૂ થયો છે. દિવસભર ગરમી અને ઉકળાટ ભર્યા વાતાવરણ વચ્ચે સાંજ પડે એટલે ઠંડીનો ચમકારો શરૂ થઈ જાય છે. કાશ્મીરમાં પડી રહેલી હીમ વર્ષાને કારણે સમગ્ર ઉત્તર ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો શરૂ થઈ ગયો છે. ડીસામાં ૨૬ તારીખે લઘુત્તમ તાપમાન ૨૦ ડીગ્રી હતુ જે ૨૯ તારીખે ૧૪.૬ ડીગ્રી થઈ જવા પામ્યું હતું એટલ કે , એક જ દિવસમાં તાપમાનનો પારો ૬ ડીગ્રી ગગડી ગયો છે. ગુરૂવારે ૧૪.૬ ડીગ્રી સાથે ડીસા રાજયનું સૌથી ઠંડુ શહેર બનવા પામ્યુ છે. આ બાબતે ડીસા હવામાન વિભાગના અધિકારી મહેન્દ્રભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, કાશ્મીરમાં શરૂ થયેલા હીમપ્રાંતને કારણે સમગ્ર રાજયમાં ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે ત્યારે ડીસા પણ ઠંડીમાં ઠુંઠવાયુ છે એક જ દિવસમાં તાપમાનનો પારો ૬ ડીગ્રી ગગડી જતાં લોકો ઠંડીનો અહેસાસ કરી રહ્યા છે હજુ પણ ઠંડીનું પ્રમાણ વધશે.

## માંઢવા કંપામાંથી ૯૪ હજારની ડ્રીપ પાઈપો ચોરાઈ

તલોદ તાલુકાના માઢવા કંપા ગામે રહેતા પરાગભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ ખેતરમાં ડ્રીપ ઈરીગેશન માટે મુકેલી રૂ. ૯૪ હજારની કિંમતની પ્લાસ્ટિકની પાઈપો ગત મંગળવારે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા પરાગભાઈએ ગુરૂવારે તલોદ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે તાજપુર કેમ્પ જૂથ પ્રાથમિક શાળામાંથી અજાણ્યા શખ્સો રૂ. ૨ હજારની કિંમતના ગેસ સિલીન્ડરની બુધવારે રાત્રે ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે હિતેષકુમાર કચરાભાઈ પટેલે ગુરૂવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# તલોદ કૉલેજમાં વહીવટદારની નિમણૂંક

## ચેરીટી કમિશનરના હૂકમ સામે હાઈકોર્ટમાં અપીલ કરવા ટ્રસ્ટી મંડળની તૈયારીઓ

મોડાસા, તા. ૩૦

તલોદમાં આવેલ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજનો વહીવટ સી.ડી. પટેલ મહાવિદ્યામંડળ દ્વારા થતો હતો. ટ્રસ્ટના બંધારણ મુજબ મહાવિદ્યા મંડળના હોદ્દેદારોની મુદત પુરી થઈ ગઈ હોઈ આ અંગે મંડળના સ્થાપક પૈકીના એક માજી કારોબારી સભ્યએ રાજ્ય ચેરીટી કમિશનરમાં ન્યાય માટે દાદ માંગતી અરજી કરી હતી. જે અરજી કોર્ટમાં ચાલી જતાં ચેરીટી કમિશનર કોર્ટે આર્ટસ અને કોમર્સ કોલેજના કર્મનિષ્ઠ અને સુશીલ પ્રિન્સીપાલની વહીવટદાર તરીકે નિમણુંક કરતો હૂકમ કરેલ છે.

જાણવા મળ્યા મુજબ તલોદમાં આવેલ કોલેજનો તમામ વહીવટ વર્ષોથી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળનું ટ્રસ્ટ કરી રહ્યું છે. આ ટ્રસ્ટમાં કારોબારી સભ્યો અને હોદ્દેદારોની મુદત પુરી થઈ હોવા છતાં ચૂંટણી કરવામાં આવતી ન હોવાની ફરીયાદ ટ્રસ્ટના માજી કારોબારી સભ્ય કનુભાઈ સી. પટેલે રાજ્ય ચેરીટી કમિશનરમાં કરી હતી. ફરીયાદમાં હોદ્દેદારોને ટ્રસ્ટનું કામ કરતાં અટકાવવા અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા દાદ મંગાઈ હતી. આ કેસ ચેરીટી કમિશનરની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. જે.સી. પટેલની વહીવટદાર તરીકે નિમણુંક કરવા હૂમક કરેલ છે. જેથી હૂકમ મળેથી જ વહીવટદાર તરીકે ડૉ. જે.સી. પટેલે ચાર્જ સંભાળી કોલેજના હિતમાં અને ન્યાયિક રીતે પોતાની ફરજ બજાવવાનું શરૂ કરી દીધેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સી.ડી. પટેલ મહા વિદ્યાલય મંડળના પ્રમુખ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાયે ચેરીટી કમિશનરના હૂકમ સામે હાઈકોર્ટમાં અપીલ કરવા તૈયારીઓ આરંભી દીધી છે. જેથી કોલેજમાં જ્યાં સુધી હાઈકોર્ટમાંથી નિર્ણય નહી આવે ત્યાં સુધી વહીવટદાર દ્વારા કામગીરી થશે તેવું નગરમાં ચર્ચાઈ રહ્યું છે. ડૉ. જે.સી. પટેલ ઘણા વર્ષોથી બિન વિવાદાસ્પદ રીતે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું સફળ રીતે સુકાન સંભાળી રહ્યા છે. ત્યારે વર્ષો જુની આ સંસ્થા તથા વિદ્યાર્થીઓના ભાવિને ધ્યાને લઈ યોગ્ય કાર્ય પ્રણાલી અપનાવી સુખદ ઉકેલ લાવશે તેવી અપેક્ષા સૌ કોઈ રાખી રહ્યું છે. જીલ્લાની સૌ પ્રથમ સ્થપાયેલી અને રાજ્યભરમાં હાલ નામના ધરાવતી આ કોલેજ વિવાદો થકી ચર્ચાના એરણે ચડી છે. જે નગરજનો દુઃખદ ગણાવી રહ્યા છે.

## વિષ્ણુપુરા પ્રાથમિક શાળાનો સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો

મોડાસામાં આવેલી વિષ્ણુપુરા પ્રાથમિક શાળામાં સુવર્ણ જયંતિ મહોત્સવ અને નિવૃત્ત થતા શાળાના આચાર્યનો વિદાય સમારંભ યોજાયો હતો. આ શાળાને ૫૦ વર્ષ પુર્ણ થતા સુવર્ણ જયંતિ મહોત્સવ યોજાયો હતો. જેમાં અધ્યક્ષ તરીકે સતીષ પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના પૂર્વ આચાર્યો અને ગ્રામજનોએ શાળાના સ્મરણો સૌની સામે રજુ કર્યા હતા. આ પ્રસંગે નિલેષભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સાકરીયા જૂથ શાળા પરિવાર અને મહાનુભાવો દ્વારા નિવૃત્ત થતા આચાર્ય મીનાક્ષીબેન પંડ્યાને શાલ અને મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા.

# તલોદમાં જ્વેલર્સના ઘરમાંથી પોલીસે વિદેશી દારૂ પકડ્યો

હિંમતનગર, તા. ૩૦

તલોદના અંબાજી માતાના મંદિરની પાછળના ભાગે આવેલ એક જ્વેલર્સના ઘરમાંથી પોલીસે શુક્રવારે છાપો મારી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. જોકે પોલીસે નામ માત્ર કાર્યવાહી કરીને વેપારી સાથે તોડ કર્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે તલોદમાં અંબાજી માતાના મંદિરની પાછળના ભાગે શિવ જ્વેલર્સ નામની દુકાન ચલાવતા સાગરકુમાર હસમુખલાલ સોની દારૂનો વેપાર કરતા હોવાની બાતમી તલોદ પોલીસને મળી હતી. જેના ભાગરૂપે પોલીસે શુક્રવારે છટકુ ગોઠવી આ વેપારીને દારૂ વેચતા સાગરકુમાર સોનીને તેમના ઘરેથી રંગેહાથ ઝડપી લીધા હતા. ત્યાર બાદ પોલીસે તેમના ઘરની તલાશી લેતાં રૂ. ૯૦૦ની કિંમતનો વિદેશી દારૂ કબજે લીધો હતો.

બીજી તરફ બજારમાં થતી ચર્ચા મુજબ સાગરકુમાર સોનીના ઘરમાંથી દારૂનો મોટો જથ્થો કબજે લીધો હોવા છતાં તેની વિરૂદ્ધ નામ માત્રની કાર્યવાહી કરીને ત્રણ બોટલનો કેસ કર્યો હોવાનું બહાર આવ્યું છે. જેના કારણે તલોદમાં પોલીસની પ્રતિષ્ઠામાં ધોવાણ થઈ રહ્યું છે. ઉપરાંત સોની વેપારી પાસેથી દારૂનો જથ્થો પકડાયો હોવાનું બહાર આવતા અન્ય વેપારીઓમાં અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.




## રમત-ગમત સ્પર્ધામાં તલોદની કોલેજની હેટ્રીક

હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.ના ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતેની આર્ટસ-કોમર્સ કોલેજના યજમાન પદે રમત-ગમત મહોત્સવ યોજાયો હતો. જેમાં તલોદ કોલેજના તેજસ્વી રમતવીરોએ વેઈટ લિફટીંગ બોડી બિલ્ડીંગ અને પાવર લિફટીંગમાં સતત ત્રીજી વખત જીતી ચેમ્પીયનશીપ નોંધાવી છે. સતત ત્રીજી વખત વેઈટ લિફટીંગ સ્પર્ધામાં તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સ્પર્ધકોએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી અને સંસ્થાને ગૌરવ પ્રાપ્ત કરી હતી અને સંસ્થાને ગૌરવ પ્રાપ્ત કરાવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦ કોલેજોના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો. રમતોત્સવમાં ઐતિહાસિક હેટ્રિક નોંધાવીને ગૌરવપ્રદાન કરનાર કોલેજના વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય જે.સી. પટેલ એમ. એસ. પટેલ, પ્રો. રંગુસિંહ સોલંકી સહિતના કોલેજ પરિવારે અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પ્રદાન કરી હતી.

# પ્રાંતિજમાં વીજ કંપનીના ભારે ધાંધિયા

## સડાઉન્ડના નામે ખાલી વીજપુરવઠો બંધ કરતાં નાગરિકો પરેશાન

પ્રાંતિજ, તા. ૩૦

પ્રાંતિજ ખાતે છેલ્લા ઘણા સમયથી વિજકંપનીમાં જીવંત વાયર ઝાડના ડાળા સાથે અડકી ગયા છે અને પવનના કારણે સતત તારામંડળ ચાલુ રહે છે અને કેટલીયવાર કમ્પલેન કરવા છતાં તંત્ર માત્ર કોઈ મોટી ઘટના ઘટવાની રાહ જોતું હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ નિર્માણ કોમ્પલેક્ષમાં શીવપેલેસ આગળ આવેલ ઝાડના ડાળા અટકાવાની કમ્પલેન છેલ્લા ત્રણ મહિનાથી આપવા છતાં તંત્ર દ્વારા ઝાડના ડાળા કાપવામાં મુહૂર્ત મળતુ નથી જ્યારે જીવંત વિજ વાયરો પવન આવતા તારામંડળ ચાલુ રહે છે. જ્યારે કેટલાય સડાઉન્ડ દિવસો આવી ગયા પણ કમ્પલેન દૂર ના થઈ ત્યારે માત્ર વિજકંપનીના ઉપલા અધિકારીઓને નવી ડીપીઓ નવા થાંભલા અને નવા એસ્ટીમેટો નવા કનેક્શનો લઈ તગડી કમાણી સિવાય એન્જીનિયર સાહેબને ગ્રાહકો તથા જાહેર સ્થળોએ જીવન વિજવાયરોને લઈને લોકોને થતી પરેશાનીઓમાં રસ નથી. ગ્રાહકોની અનેકવાર રજુઆતો છતાં વિજકંપનીના અધિકારીઓ ચુપકી સેવી રહ્યા છે.

ત્યારે નવી સોસાયટી તથા શોપીંગોમાં મલાઈદાર નવા કનેક્શન આપવા સિવાય તેવોને કોઈ જગ્યાએ રસ ના હોય તેવું આ કમ્પલેન ઉપરથી જણાઈ આવે છે. અને ખાલી સડાઉન્ડના નામે ખાલી વિજપ્રવાહ બંધ રાખી માત્ર દેખાવા પુરતુ કામ કરી ત્રણ કલાક ગપ્પા મારી વિજપુરવઠો ચાલુ કરવામાં આવે છે. ત્યારે ખાલી દેખાવ પુરતો વિજપુરવઠો બંધ કરતા બેન્કો, જનસેવા કેન્દ્રો સહિત કચેરીઓમાં લોકોને હાલાકીઓનો સામનો કરવો પડે છે અને જે ખરેખર વિજવાયરોને અડતા ઝાડના ડાળા હોય તે દૂર ના કરવામાં આવતા હાલ તો તંત્ર દ્વારા મોટી ઘટના બને તેની રાહ જોઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. માત્ર મલાઈદાર બિલ્ડરોને તથા મોટા કોન્ટ્રાક્ટરોને સંતોષ આપી ખીસ્સા ભારે કરી રહ્યા છે.

# દોતડ પાટીયા પર બાઈક અને જીપ વચ્ચે અકસ્માત થતાં એકનું મોત : એકને ઈજા

હિંમતનગર, તા. ૩૦

લાંબડીયા પાસેના દોતડ પાટીયા પર ગુરૂવારે રાત્રે બાઈક અને જીપ વચ્ચે અકસ્માત થતાં એક વ્યક્તિનું ગંભીર ઈજાને કારણે ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તેમજ અન્ય એકને ઈજા થતાં તેને સારવાર માટે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ હિંમતનગર ખસેડાયા હતા. જે અંગેની ફરિયાદ શુક્રવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે ગુરૂવારે રાત્રે દોતડ પાટીયા પાસેથી પુરઝડપે આવતી જીપ નં. જીજે.૨.કે.૯૩૯૯ના ચાલકે ગફલતભરી રીતે જીપ હંકારી બાઈક નં. જીજે-૨.એસ.૨૫૩૬ને ટક્કર મારી હતી. જેના કારણે ખેડબ્રહ્મા તાલુકાના ચાગોદ ગામના સુરેશભાઈ રત્નાજી બેગડીયા (ઉં.વ.૨૨)ને ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજ્યું હતું. તેમજ અકસ્માતને કારણે બાઈકચાલક વસ્તાભાઈ પાબુભાઈ બેગડીયાને ઈજા થતાં ૧૦૮ દ્વારા સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસપિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે હિંમતનગર ખસેડાયા હતા. અકસ્માતની ગટના અંગે પી.એસ.આઈ. એ.એસ. રબારીએ મૃતકના ભાઈ મગનભાઈ રત્નાજી બેગડીયાની ફરિયાદને આધારે જીપ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાંથી બે બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરની રંગમહેલ સોસાયટી તથા આયુષ હોસ્પિટલના પાર્કીંગમાંથી બે બાઈક ચોરાતા તે અંગેની ફરિયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે નોંધાવાઈ હતી. મહાકાલી મંદિર રોડ પર રંગમહેલ સોસાયટીમાં રહેતા ધવલભાઈ ચીમનભાઈ પટેલે પોતાનું બાઈક નં. જીજે.૦૯.એકે. ૩૪૯૦ની ગુરૂવારે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જેથી ધવલભાઈ પટેલે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બાઈક ચોરાયાની ફરિયાદ નોંધાવી હતી. તેજ પ્રમાણે હિંમતનગરની આયુષ હોસ્પિટલના અંદરના ભાગે અંબાવાડા ગામના લાલાભાઈ જવાનજી મકવાણાએ બાઈક નં. જીજે.૯. સીડી. ૨૯૬૯ ગત મંગળવારે પાર્ક કર્યું હતું. રૂ. ૨૫ હજારની કિંમતના બાઈકની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા.



## મોડાસાની બહેરામુંગા શાળા પીસ પોસ્ટ હરિફાઈમાં દ્વિતીય ક્રમે વિજેતા

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં લાયન્સ ક્લબ સંચાલિત બહેરા-મુંગા શાળાના વિદ્યાર્થીઓ શારિરીક વિકલાંગ હોવા છતાં ગુજરાત રાજ્યમાં અનેક ક્ષેત્રે પોતાની પ્રતિભા દ્વારા હરિફાઈમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કરે છે. ૨૫ ઓક્ટોબરે અમદાવાદ ખાતે યોજાયેલા પીસ પોસ્ટર ડ્રોઈંગ હરિફાઈ સ્પર્ધામાં લાયન્સ ક્લબ સંચાલિત બહેરા-મુંગા શાળાના સાત વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ૩૫૦ સ્પર્ધકોમાંથી મોડાસા બહેરા-મુંગા શાળાનો મયુર ક્લારા નામના વિદ્યાર્થીએ બીજા નંબર પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીને ૭૦૦૦ રૂ. રોકડા અને ટ્રોફી આયોજકો દ્વારા એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા લાયન્સ ક્લબના પ્રમુખ સુરેશભાઈ પટેલ, લાયોનેસ પ્રમુખ હેમલત્તાબેન પટેલ તથા ઝોન ચેરમેન પ્રવિણ પરમાર અને શાળાના આચાર્ય ગુણવંતિબેન કંસારા અમદાવાદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજ પંથકની પ્રાથમિક શાળાઓમાં પ્રિ-ટ્રાયલ ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર સહિતના પંથકની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ માટે પ્રાંતિજ નજીકની દશેક પ્રાથમિક શાળાઓમાં પ્રિ-ટ્રાયલ ગુણોત્સવ કાર્યક્રમનું આયોજન તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલા, સી. આર.સી. અજયકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ કરાતાં દશેય શાળાઓમાં આ ગુણોત્સવ ટ્રાયલને સુંદર પ્રતિભાવ મળી રહ્યો છે. સરકારશ્રી શિક્ષણનું માળખુ સુધારવાના પ્રોગ્રામો કરાવે છે. ત્યારે ગુજરાતમાં અને તેમાંય સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘપુર, ભાગપુર, રામનગર, નવાપુરા, રામદેવનગર, સાદોલીયા, રાસલોડ, અમીનપુર, રામપુર પ્રાંતિજ-૪માં ગુણોત્સવ કાર્યક્રમની રૂપરેખા પ્રમાણે જ પ્રક્રિયાઓ કસોટીના આયોજનો ૨૦-૧૦-૧૫ના રોજ કરવામાં આવ્યા હતા.



## મોડાસા લાયન્સ ક્લબે શરદપૂનમની ઉજવણી કરી

લાયન્સ સોસાયટી સંચાલિત લાયન્સ ક્લબ બહેરામુંગા શાળાના વિદ્યાર્થીઓ સાથે લાયન્સ ક્લબ ઓફ મોડાસા દ્વારા શરદપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને સંગીત સાથે ગરબે રમાડી બાળકોને ગીફ્ટ આપી અને શાળાના વિદ્યાર્થીઓને દૂધપૌઆ અને બટાકાવડાનો અલ્પ આહાર કરાવી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં લાયન્સ સોસાયટીના ચેરમેન ડૉ. ટી.બી. પટેલ તથા લાયન્સ પ્રમુખ સુરેશ પટેલ, મંત્રી ભાવેશ જયસ્વાલ તથા લાયોનેસ પ્રમુખ હેમલત્તાબેન પટેલ સાથે શાળાનો શિક્ષકગણ અને લાયન્સ ક્લબના મેમ્બરો હાજર રહ્યા હતા.

## અધિકારીઓ નિયુક્ત કરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અધિકારીઓ ચૂંટણી પૂર્ણ થયા બાદ આખરી ચકાસણી કરી અને સંપૂર્ણ અહેવાલ આપશે. જિલ્લામાં જિલ્લા પંચાયત, ત્રણ તાલુકા પંચાયત અને બે નગરપાલિકાની ચૂંટણી માટે તંત્ર હવે સંપૂર્ણ રીતે ઈલેક્શન મોડમાં આવી ગયું છે.

### ગાંધી ૧૦૦

(૪ પાનાનું ચાલુ...)

લઈ આવ્યા છો અને એકલાં જ ચાલી જવા માગો છો?

બીજો એક આવો જ પ્રસંગ હતો. સરદારે બાપુને કહ્યું, 'તમારો દુખાવો અંગુઠાથી કોણી સુધી પહોંચ્યો છે. હવે ખભા સુધી ચડશે. હવે તો કાંતવાનું બંધ કરો. બાપુએ કહ્યું : 'કોઈક દિવસ તો બીજાના ખભા પર ચડીને જવાનું જ છે. સરદારે તરત જ કહ્યું, 'ના, ના, અમને રખડાવીને જશો નહીં, પહેલાં વહાણ બંદરમાં લાવો, પછી જયાં જવું હોય ત્યાં જજો, અને આ સંવાદનું છેલ્લું વાક્ય ગાંધીથી ઉંમરમાં છ જ વર્ષ નાના એવા સરદારે કહ્યું હતું : અને હું સાથે આવીશ.'

મહાત્મા અને સરદારના સંબંધો કેવા? નો જવાબ આ એક જ વાક્યમાં આવી જાય છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

## પ્રશ્નો અટપટા...

● અનુસંધાન પાન-૫ પર

વિજ્ઞાનનુ પેપર હતુ વિષય તજજ્ઞ બલવંતસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ ભૌતિક વિજ્ઞાનનુ પેપેર સરળ હતુ પરંતુ પ્રશ્નપેપરમાં ચાર સવાલો અટપટા હતા. અલબત્ત પેપરમાં ચાર પ્રશ્નોમાં જ ભુલ હતી. જેના પરિણામે વિદ્યાર્થીઓને આ પ્રશ્નોના જવાબ આપવામાં મુંઝવણ અનુભવી હતી. આ ઉપરાંત ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર એકની પરિક્ષાના પ્રારંભે રસાયણવિજ્ઞાનન પેપર હતુ.વિષય તજજ્ઞ એચ આર પંડયાના જણાંવ્યા મુજબ રસાયણ વિજ્ઞાનનુ પેપર એકંદરે સરળ રહયુ હતુ પરિક્ષાની શરૂઆતે પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. જો કે પ્રશ્ન પેપરમાં બે ગુણના બે પ્રશ્નોમાં દર્શાવાયેલા વૈકલ્પિક જવાબો યોગ્ય ન હોવાથી વિદ્યાર્થીઓ મુંજાયા હતા. પરંતુ પરિક્ષાની શરૂઆત જ સરળ પેપરથી થતા પરિક્ષાર્થીઓ હળવા મુડમાં જોવા મળ્યા હતા.

## કંગાળ હાલતમાં...

● અનુસંધાન પાન-૫ પર

ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગો તેમજ બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. જો કે હાલ મોટાભાગના રસ્તાઓનો મેક ઓવર ઉતરી ગયો છે. બીજીતરફ શહેરના મુખ્ય માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પ્લાન્ટેશન કરવામાં આવ્યુ છે. પરંતુ વર્ષ દરમિયાન સમયસર તેનુ ટ્રીમીંગ કે સફાઈ થતી નથી. જેના પરિણામે મોટાભાગે વાહનચાલકો માટે પણ આ રોપાઓ આડશરૂપ બનતા હોય છે. જયારે શહેરના ઉભા રસ્તાઓ વચાળે પણ સેન્ટ્રલ વર્જની યોગ્ય સફાઈ થતી નથી. જેના પરિણામે કંગાળ ભાસતા આ વર્જમાં જાડી જાંખરા ઉગી નિકળ્યા છે. શહેરમાં રોડનેટવર્કને અપગ્રેડ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે સેન્ટ્રલ વર્જના બ્યુટીફીકેશન પ્રત્યે દુર્લક્ષ્ય સેવાઈ રહયુ છે. ત્યારે સેન્ટ્રલ વર્જને વિકસાવવા માટે વિશેષ આયોજન કરવામાં આવે તેવી લાગણી પ્રબળ બની છે.

## મૂડીની સલાહ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાળવાની જરૂર છે. સાથે સાથે વિવાદને પણ ટાળવાની જરૂર છે. સુધારાઓના વચન પાળવા જોઈએ. મૂડીએ એમપણ કહ્યું છે કે, શાસક ભાજપ પાસે બહુમતિ નથી. મહત્વપૂર્ણ સુધારા બિલના ભાવિ ખતરામાં પડી શકે છે. કારણકે વિરોધ પક્ષની સ્થિતિ રાજ્યસભામાં મજબુત દેખાઈ રહી છે. તાજેતરના સમયમાં સરકારને મદદ મળી રહી નથી. જુદા-જુદા ભાજપના સભ્યો તરફથી વિવાદાસ્પદ ટિપ્પણી મળી રહી છે. મોદી મોટાભાગે ઉશ્કેરણીજનક શબ્દોથી દૂર રહે છે પરંતુ આવા નિવેદન કરનાર ઉપર અંકુશ મુકી રહ્યા નથી. જુદી-જુદી ભારતીય લઘુમતિ સમુદાયના સભ્યો સામે ઉશ્કેરણીજનક નિવેદન થઈ રહ્યા છે. આના કારણે વંશિય તંગદીલી ઉભી થઈ રહી છે. હિંસામાં સંભવિત વધારો થઈ શકે છે. સરકારને ઉપલા ગૃહમાં વધુ કઠોર વિરોધનો સામનો કરવો પડી શકે છે. આવી સ્થિતિમાં આર્થિક નીતિઓથી ભાજપ સરકારને પીછેહઠનો સામનો કરવો પડી શકે છે.

## મંદી યથાવત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટકાનો ઘટાડો રહ્યો હતો. એફએમસીજી ઈન્ડેક્સમાં ૨.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ અને બેંકેક્સમાં સૌથી વધુ સુધારો રહ્યો હતો. એફએમસીજીની મહાકાય કંપની આઈટીસીના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના પરિણામ અપેક્ષા કરતા નબળા રહ્યા છે. તેનો ફ્લેટ નફો ૨૪૩૧ કરોડનો રહ્યો છે. રેવન્યુમાં એક ટકાનો ઘટાડો રહ્યો છે. આંકડાના આધાર ઉપર શેરમાં ૪ ટકાનો ઘટાડો રહ્યો છે. એનટીપીસીના શેરમાં ૩.૩ ટકાનો ઉછાળો રહ્યો હતો. નેસ્લે ઈન્ડિયાના શેરમાં ૧.૫ ટકાનો ઉછાળો રહ્યો છે. બીજીબાજુ જે શેરમાં મોટો ઘટાડો રહ્યો છે તેમાં ભારતી એરટેલનો સમાવેશ થાય છે. તેના શેરમાં ૨.૬ ટકાનો ઘટાડો રહ્યો છે. જેટ એરવેઝ અને સ્પાઈસજેટના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે.જેટ એરવેઝ અને સ્પાઈસ જેટના શેરમાં પણ સારો ઉછાળો જોવા મળ્યો હતો. કારણકે કેન્દ્ર સરકારે નવી ઉડ્ડયન નિતી અંગે મુસદ્દાને લીલીઝંડી આપી દીધી છે. જેના ભાગરૂપે વિમાની ભાડા મર્યાદીત રહેશે. ઉડ્ડયનના ક્ષેત્રમાં વિદેશી સીધા મૂડીરોકાણમાં સ્થિતિ સારી રહી શકે છે. સેલ્ફ હેન્ડલીંગ એરપોર્ટ ઓપરેશનમાં પણ સ્થિતિ ઉછાળાવાળી રહી છે.